# સંશોધન નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી
# આણંદ–૩૮૮ ૧૧૦

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે કેન્દ્રો / પેટા કેન્દ્રોના અધિકારીશ્રીઓ / ફાર્મના વડાશ્રીઓને જણાવવાનું કે મા. કુલપતિશ્રી તથા સંશોધન નિયામકશ્રીના ધ્યાન ઉપર આવેલ છે કે કેટલાક વિભાગ / કેન્દ્ર હસ્તકના ફાર્મ ઉપર લેવામાં આવતા અખતરાઓ, બ્રીડીંગ મટીરીયલ્સ, બીજ ઉત્પાદન, જનરલ પાકોનું વાવેતર કરેલ છે તે વિસ્તારમાંથી બહારની વ્યકિતઓ તેઓના ઢોર માટે ઘાસચારો ચાલુ દિવસોએ તેમજ રજાના દિવસોમાં શેઢાપાળા તેમજ વાવેતર વિસ્તારમાંથી લઈ જતા હોય છે. આ સમયે તેઓ ઘાસચારાની સાથે ઉભા પાકમાંથી શાકભાજી, ફળ તેમજ ખાવાલાયક ચીજ વસ્તુઓ તોડી પાકને નુકસાન કરીને લઈ જતા હોય છે. જેના લીધે સંશોધનનુ અગત્યનું મટીરીયલ્સ તેમજ અખતરાઓને મોટુ નુકસાન થાય છે. આ બાબતની રજુઆત ઘણા ફાર્મ તરફથી થયેલ છે. આ બાબત ઘણી જ ગંભીર છે જેને ધ્યાનમાં રાખીને સર્વેને જાણ કરવામાં આવે છે કે આ પ્રથા તાત્કાલિક બંધ કરવી. શેઢા–પાળાના ઘાસચારા માટે જરૂરીયાત જણાય તો તેની જાહેર હરાજી કરીને તેનો કોન્ટ્રાકટ આપવો અથવા તો નીંદણનાશક દવાઓનો છંટકાવ કરીને તેનો નાશ કરવો. ઉભા પાકમાં પણ ઘાસ ન થાય તે માટે જે તે પાક માટે ભલામણ કરવામાં આવેલ નીંદણનાશક દવાઓનો છંટકાવ અવશ્ય કરવો જેથી સદરહું પ્રશ્ન ઉપસ્થિત ન થાય અને નિંદામણ કરવા પાછળ રોકવામાં આવતા મજુરો માટેનો ખર્ચ પણ ઘટાડી શકાય. આ પરિપત્ર યુનિવર્સિટીની કામગીરીના હિતાર્થે બહાર પાડવામાં આવે છે જેથી તેનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

જા.નં. આકૃયુ/સંનિ/ટી.૧/ ૬૭૮૨ /૧૩
તારીખ ૯ / ૧૦ / ૨૦૧૩ (૧૦)

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

**નકલ રવાના :**

૧. આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે કેન્દ્રો / પેટા કેન્દ્રોના અધિકારીશ્રી / યુનિટ અધિકારીશ્રીઓ તરફ અમલ કરવા સારૂ.
૨. સિકયુરીટી ઓફિસર, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ તેમજ બહારના ઈસમો બિન અધિકૃત રીતે ફાર્મ વિસ્તારમાં ઘાસ કાપવા માટે ન આવે તે માટેની તકેદારી અને જરૂરી વ્યવસ્થા ગોઠવવા સારૂ.
૩. ર્ડા. એ.ડી.પટેલ, સંશોધન વૈજ્ઞાનિકશ્રી, ઔષધિય અને સુગંધિત પાક યોજના વિભાગ અને સંરક્ષણ અધિકારી, સિકયુરીટી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ થવા સારૂ.